સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર:એફ-૬(અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧૦૦૧,

ફોનઃ ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલઃ ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " આ મંડળના ઈતિહાસની આછેરી રૂપરેખા "

આપણી લેઉવા પટેલ જ્ઞાતિના વિદ્યાર્થીઓને ભણવામાં મદદરૂપ થાય તે માટે સૌરાષ્ટ્રમાં બોર્ડિંગની પ્રથમ સ્થાપના અમરેલી મુકામે કરવામાં આવી અને તેનું અનુકરણ કરી જુના કાઠીયાવાડમાં જુદા જુદા સ્થળોએ જે તે વિસ્તારના અગ્રેસર આગેવાનોના અથાગ સઘન પ્રયાસોથી વિદ્યાર્થી આશ્રમો (બોર્ડિંગો) શરૂ કરવામાં આવી અને તે રીતે સંવત ૧૯૮૦ થી સંવત ૨૦૦૦ સુધીના ૨૦ વર્ષના સમયગાળામાં દસ થી બાર બોર્ડિંગો શરૂ કરવામાં આવી હતી અને હાલમાં સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કુલઃ ૪૩ કુમાર-કન્યા છાત્રાલયો(બોર્ડિંગો)નું સુંદર રીતે સુવ્યવસ્થિત સંચાલન થઈ રહેલ છે અને હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનો આ સંસ્થાઓમાં રહી હાલ અભ્યાસ કરી રહેલ છેઅને પોતાના જીવનમાં આગળ વધેલ છે જેનાથી આપણી લેઉવા પટેલ જ્ઞાતિના અગ્રગણ્ય અગ્રેસરો સારી રીતે જાણકાર છે.

સંવત ૧૯૮૦ થી સંવત ૨૦૦૦ સુધીના ૨૦ વર્ષના સમયગાળાના અનુભવ ઉપરથી જણાયુ કે આપણી બોર્ડિંગોમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તે પૈકી ૧૦ થી ૧૫ ટકા જ વિદ્યાર્થીઓ જુની મેટ્રીક પાસ કરી આગળ કોલેજના ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે જઈ શકે છે.આ વિદ્યાર્થીઓ મોટે ભાગે સામાન્ય સામાન્ય તેમજ આર્થિક રીતે નબળી સ્થિતિના માબાપોના સંતાનો હોય છે અને તેઓ કોલેજ નું ઉચ્ચ શિક્ષણ ખર્ચાળ હોવાથી આવા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચીત રહેતા હતાં તેઓ અનુભવ હતો.

આપણી લેઉવા પટેલ જ્ઞાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવામાં વંચીત રહેતા હોવાથી આ બાબતે તે સમયના લેઉવા પટેલ જ્ઞાતિના અગ્રગણ્ય અગ્રેસરોએ આ બાબતે ગંભીરતાપૂર્વક ચર્ચા વિચારણા કરી આ મંડળની સ્થાપના કરવાનો વિચાર સંવત ૨૦૦૧ ના આસો મહિનામાં આપણી લેઉવા પટેલ જ્ઞાતિના ધુરંધર અગ્રગણ્ય અગ્રેસર સ્વ. શ્રી અર્જુનભાઈ કુંવરજીભાઈ પટેલ મુળ રે. લતિપુર-જામનગર રે. મુંબઈ અમરેલી મુકામે આપણી લેઉવા પટેલ જ્ઞાતિના ધુરંધર અડીખમ રાજરત્ન સ્વ.શ્રી મોહનલાલ વીરજીભાઈ પટેલ રે. અમરેલીના મહેમાન બનીને અમરેલી આવેલ તે સમયે આ બંને અગ્રેસરોને સ્ફુર્યો હતો અને આ મંડળની સ્થાપના કરવાનો ઉતમ અને આપણી લેઉવા પટેલ જ્ઞાતિ માટે ઉચ્ચતમ નિર્ણય લેવામાં આવેલ અને આ મંડળે રૂા.૫૦,૦૦૦-૦૦ નું ભંડોળ એકત્રીત કરવું અને આ ભંડોળની રકમમાંથી લેઉવા પટેલ જ્ઞાતિના વિદ્યાર્થીઓને કોલેજના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમ માટે ધીરાણ કરી અભ્યાસમાં મદદ કરવી. આ સમયે સ્વ.શ્રી મોહનલાલ વીરજીભાઈ પટેલ રે. અમરેલી તથા સ્વ.શ્રી અર્જુનભાઈ કુંવરજીભાઈ પટેલ રે.મુંબઈ એમ બંનેએ તે સમયમાં રૂા.પાંચ-પાંચ હજારનું ઉમદા દાન આપી આ મંડળ માટે ભંડોળ એકત્રી કરવાની શુભ શરૂઆત કરી હતી.

ત્યાર બાદ આશરે છ માસ પછી અમરેલી મુકામે લેઉવા પટેલ જ્ઞાતિના અગ્રગણ્ય અગ્રેસર શ્રી હીરજીભાઈ ઠાકરશીભાઈ પટેલ તથા શ્રી નાનજીભાઈ રાઘવજીભાઈ પટેલની સુપુત્રીઓનો શુભ લગ્ન પ્રસંગ તારીખ:૧૫-૦૫-૧૯૪૪ ના રોજ હતો આ શુભ લગ્ન પ્રસંગે ઉચ્ચ કેળવણી માટેના ફંડ એકત્રીત કરવાનો પ્રશ્ન ગંભીરતાપૂર્વક હાથ ધરવામાં આવ્યો અને આ શુભ લગ્ન પ્રસંગે હાજર રહેલ શ્રી ભગવાન રાજાની કંપની તથા બીજા આપણી લેઉવા પટેલ જ્ઞાતિના અગ્રગણ્ય અગ્રેસરોએ પણ હાજરી આપેલ અને તે સમયે હાજર રહેલ રહેલ જ્ઞાતિના અગ્રગણ્ય અગ્રેસરો તરફથી આ મંડળના ફંડમાં આશરે રૂા.૩૨,૦૦૦-૦૦ એકત્રીત થયેલ અને આ રીત ઉચ્ચ શિક્ષણમાં આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા ફંડ એકત્રીત કરવા માટે સારૂ પ્રોત્સાહન મળ્યું.

ત્યાર બાદ તુરત જ જુના સાવર મુકામે શ્રી અરજણભાઈ મુળજીભાઈ પટેલને ત્યાં તેમનો સુપુત્રી ચિ.વિમળાબેનના શુભ લગ્ન પ્રસંગે તારીખ: ૧૮-૦૫-૧૯૪૪ ના રોજ હાજર રહેલ આપણી જ્ઞાતિના અગ્રગણ્ય અગ્રેસરો તરફથી રૂા.૧૦,૫૦૦-૦૦ આ ફંડમાં આપી ફંડ એકત્રીત કરવામાં ઉમદા અને અનેરૂ પ્રોત્સાહન મળ્યું અને આવો આ ફંડમાં દાન આપવાનો ઉત્સાહ જોતાં ફંડ રૂા. પચાસ હજાર થી વધારીને રૂા.એક લાખ સુધીનો લક્ષ્યાંક વધારવા માટે આ મંડળે સર્વાનુમતે ઠરાવ્યું હતું.ત્યાર બાદ આપણી લેઉવા પટેલ જ્ઞાતિ ના પ્રતિષ્ઠિત અગ્રેસર આગેવાનોને ત્યાં દિકરીઓના શુભ લગ્ન પ્રસંગે આ ફંડમાં સારી રકમ એકત્રીત થવા લાગી.

આ રીતે તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ ના રોજ " શ્રી કાઠીયાવાડ પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ " ના નામનું મંડળની સ્થાપના કરી અને શરૂઆત કરવામાં આવી હતી અને આ મંડળના સભાસદ બનવા માટે લવાજમ તરીકે રૂા.૫૦૧-૦૦ ની રકમ નકકી કરવામાં આવી હતી.હાલમાં " શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ " ના નામથી પોતાના બંધારણ મુજમ કામગીરી કરે છે.

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર:એફ-૬(અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " આ મંડળના ઈતિહાસની આછેરી રૂપરેખા " (ચાલુ) --૨--

શરૂઆતમાં સને ૧૯૪૪-૧૯૪૫ ની સાલમાં કુલ: ૩૮ સભાસદો બનાવવામાં આવ્યા હતાં જેની રકમ રૂા.૫૫,૩૦૬-૦૦ થયેલ.શરૂઆતના નવ વર્ષ સુધીમાં ભંડોળની રકમ રૂા.૮૪,૩૯૬-૦૦ થઈ હતી. સને ૧૯૫૪-૧૯૫૫ ની સાલમાં જ્ઞાતિ અગ્રેસરો એ રજુઆત કરી કે આ મંડળના સભાસદ બનવા માટે રૂા.૫૦૧-૦૦ ની રકમ વધારે ગણાય.આ રજુઆત આવતાં આ બાબતે સૌ સાથે મળીને ગંભીરતાપૂર્વક વિચારણા કરી રૂા.૫૦૧-૦૦ ના બદલે રૂા.૨૫૧-૦૦ આપી આ મંડળના સભાસદ બની શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

આ મંડળનું ભંડોળ વધારે એકત્રીત કરવા માટે આ મંડળ તરફથી આફ્રિકા દેશમાં આ મંડળનું ડેપ્યુટેશન મોકલવાનું ઠરાવેલ અને તે મુજબ સને ૧૯૫૮-૧૯૫૯ ની સાલમાં આ મંડળના માનનીય પ્રમુખ શ્રી મોહનલાલ વીરજીભાઈ પટેલ રે. અમરેલી તથા માનનીય ઉપ પ્રમુખ શ્રી અર્જુનભાઈ કુંવરજીભાઈ પટેલ મુળ રે.લતિપુર, મુંબઈ તથા માનનીય સેક્રેટરી શ્રી કેશવજીભાઈ અરજણભાઈ પટેલ રે. જામનગર એમ ત્રણ હોદેદારશ્રીઓનું ડેપ્યુટેશન સ્ટીમરની મુસાફરી કરી પોતાના ખર્ચે આફ્રિકા ગયું હતું. આફ્રિકામાં આશરે બે માસ રોકાણ કી આફ્રિકામાં થી રૂા.૪૦,૪૭૨-૦૦ નું ભંડોળ એકત્રીત કરી લાવ્યા હતાં.આફ્રિકામાં વસતા આપણી લેઉવા પટેલના અગ્રગણ્ય અગ્રેસરોએ જે ઉદારતાથી આર્થિક મદદ કરેલ છે તે ભુલી શકાય તેમ નથી અને આ બાબતની નોંધ લેતા આજેઆપણે સર્વે આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ મંડળનં પ્રથમ બંધારણ સંવત ૨૦૦૨ માં તૈયાર કરવામાં આવેલ હતું.આ મંડળ જેવી જ સંસ્થા ગુજરાત ચરોતરમાં જે ચાલતી હતી તેને અનુસરીને આ મંડળનું બંધારણ તૈયાર કરવામાં આવેલ હતું પરંતુ ૧૫ થી ૧૭ વર્ષના અનુભવને અંતે તે બંધારણમાં જરૂરી ફેરફાર કરીને અમરેલી મુકામે સંવત ૨૦૧૯ ના શ્રાવણ શુદ ૧૫ તારીખ:૦૫-૦૮-૧૯૬૩ ના રોજ બંધારણ મંજૂર કરીને પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું.ત્યાર બાદ તે બંધારણમાં ફેરફાર કરવાનું જણાયાથી સંવત ૨૦૨૪ ના ફાગણ શુદ ૫ તારીખ:૦૪-૦૨-૧૯૬૮ ના રોજ બગસરા મુકામે આ મંડળની " સામાન્ય સભા " માં અગાઉના બંધારણમાં થોડા ફેરફાર કરી મંજૂર કરવામાં આવેલ અને તારીખ:૦૪-૦૩-૨૦૦૧ ના રોજ " શ્રી લેઉવા પટેલ બોર્ડિંગ,મવડી પ્લોટ,મવડી રોડ, વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાછળ, રાજકોટ ૩૬૦ ૦૦૪ " મુકામે આ મંડળની " સાધારણ સભા " મળેલ તેમાં તારીખ:૦૪-૦૩-૨૦૦૧ થી અમલમાં આવે તે રીતે " નવું બંધારણ " મંજૂર કરવાનું સર્વાનુમતે ઠરાવેલ તે રીતે જ હાલમાં આ " નવું બંધારણ " અમલમાં છે.

આ મંડળ ધ્વારા જે " લોન ધીરાણ " સને ૨૦૦૦-૨૦૦૧ સુધીમાં આપવામાં આવેલ જેનો જુના વિદ્યાર્થીઓ કુલ:૪૫૮૫ તથા નવા વિદ્યાર્થીઓ કુલ: ૨૮૨૬ એકંદર કુલ: ૭૪૧૧ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે અને આ માટે કુલ રૂા.૬૧,૧૭,૪૮૩-૦૦ ની રકમ " લોન ધીરાણ " તરીકે આપેલ છે અને આ રીતે આ મંડળે દર વર્ષે વધારેમાં વધારે ' લોન ધીરાણ " કરી શકાય તે માટેના સર્વે સઘન પ્રયાસો કરેલ છે.

" નવા બંધારણ " અનુસારસને ૨૦૦૧-૨૦૦૨ થી સને ૨૦૧૨-૨૦૧૩ સુધીમાં અલગ અલગ અભ્યાસક્રમમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કુલ: ૯૫૫૧ વિદ્યાર્થી ભાઈ-બહેનોને કુલ: રૂા.૨,૫૦,૮૫,૦૦૦-૦૦ પરત ન લેવાની શરતે શિષ્યવૃતિની રકમ ચુકવેલ છે.

તારીખ:૩૦-૦૩-૧૯૯૭ ના રોજ શ્રી રમણિકભાઈ કાબાભાઈ ધામી રે. રાજકોટે આ મંડળના પમુખશ્રી તરીકેનો હોદો ગ્રહણ કર્યો ત્યારે આ મંડળનું ભંડોળ રૂા.૫૭,૫૪,૨૪૬-૯૬ હતું. માનનીય પ્રમુખ શ્રી રમણિકભાઈ કે.ધામી, માનનીય મહામંત્રી શ્રી કરસનદાસ બેચરભાઈ પટેલ, માનનીય ઉપ પ્રમુખશ્રી ડો.હરિભાઈ શામજીભાઈ ગોધાણી અને અન્ય હોદેદારો અને આ મંડળની " કારોબારી સમિતિ "ના સદસ્યશ્રીઓ તેમજ આપણી લેઉવા પટેલ જ્ઞાતિના અગ્રગણ્ય આગેવાનોના સક્રિય પ્રયાસો અને સાથ સહકાર થી તારીખ:૩૧-૦૩-૨૦૧૦ ના રોજ પુરા થતાં વર્ષના અંતે આ મંડળનું " કોર્પસ ફંડ " રૂા.૩,૩૧,૬૪,૧૧૬-૫૫ એકત્રીત થયેલ છે જે પ્રસંશનીય બાબત ગણી શકાય અન આ કાર્યમાં પ્રત્યક્ષ તમજ પરોક્ષ રીતે સાથ અને સહકાર આપનાર સર્વેનો હાર્દિક આભાર માની એ છીએ અને હાર્દિક આ તકે અભિનંદન આપીએ છીએ અને હર હંમેશા આ મંડળ માટે આ રીતે સાથે અને સહકાર આપતા રહે તેવી અપેક્ષા અને રાખીએ છીએ.

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર:એફ-૬(અમરલી)

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ**

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧૦૦૧,

ફોનઃ ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલઃ ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " આ મંડળના ઈતિહાસની આછેરી રૂપરેખા " (ચાલુ) --૩--

આજ સુધીમાં આ મંડળને સૌથી વધુ રકમો રૂા. ૬૧ લાખ નું દાન અલગ અલગ સમયે આ મંડળની "કારોબારી સમિતિ" ના સદસ્યશ્રી અને " સુઝલોન એનર્જી લી." ના ચેરમેનશ્રી તુલસીભાઈ રણછોડભાઈ તંતી રે.રાજકોટ તરફથી પ્રાપ્ત થયેલ છે આવા ઉમદા દાન આપવા બદલ તેઓશ્રીનો હાર્દિક આભાર માનીએ છીએ અને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

આ મંડળમાં કુલઃ ૫૫૩૮ સભાસદો નોંધાયેલ છે અને આ તમામ સભાસદએ આપેલ સભાસદ ફી " કોર્પસ ફંડ " માં તબદીલ કરવામાં આવેલ છે.

આ મંડળની સ્થાપના થયાને સને ૧૯૬૯-૧૯૭૦ ના વર્ષમાં ૨૫ વર્ષ પુરા થતાં " શ્રી પટેલ વિદ્યાર્થી ભુવન, ધોરાજી " ના નિમંત્રણ થી તારીખઃ ૧૮-૦૪-૧૯૭૧ ના રોજ ભવ્ય રીતે " રજત જયંતિ મહોત્સ " ઉજવવામાં આવેલ હતો.

આ મંડળના માનનીય પ્રમુખ શ્રી રમણીકભાઈ કે.ધામી રે. રાજકોટના સઘન અને અથાગ પ્રયાસોથી આ મંડળે સૌ પ્રથમવાર "ઈનકમ ટેક્ષ એકઝમ્પશન સર્ટીફીકેટ" સને ૨૦૦૧-૨૦૦૨ મેળવેલ છે અને દર વર્ષ મંડળે આ સર્ટીફકેટ રીન્યુ કરાવવામાં આવેલ છે અને ઈનકમ ટેક્ષ એકટ ૧૯૬૧ ની કલમ ૮૦ જી (૫) મુજબ " ઈનકમ ટેક્ષ એકઝમ્પશન સર્ટીફીકેટ " આ મંડળને કાયમી ધોરણે તારીખઃ ૦૧-૦૪-૨૦૧૨ થી અમલમાં આવે તે રીતેતારીખઃ૧૮-૧૧-૨૦૧૧ ના રોજ મળેલ છે જેના નંબર નીચે દર્શાવેલ છે.

INCOME TAX EXEMPTION CERTIFICATE NO.CIT/JAM/TECH/II/(B) 80 G(5)/12-25/2011-12/1945/ DT.18-11-2011.

આ મંડળના " નવા બંધારણ " પ્રમાણે " લોન ધીરાણ " ની જે યોજના જે " જુના બંધારણ " હતી તે રદ થતાં તેની જગ્યાએ " આર્થિક રીતે નબળા અને અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃતિ યોજના " હેઠળની રકમ આપવા માટેની યોજના અમલમાં આવેલ છે.આ નવી શિષ્યવૃતિ યોજના ની રકમ મેળવવા માટેની અરજીઓ મંગાવવા માટે દર વર્ષે આ મંડળ કોઈ પણ એક " દૈનિક વર્તમાન પત્ર " માં જાહેર ખબર આપવામાં આવે છે તેમજ આ જાહેર ખબર નો પરિપત્ર આ મંડળના " ટ્રસ્ટી મંડળ " ના સર્વે " ટ્રસ્ટીશ્રીઓ તથા " કારોબારી સમિતિ "ના સર્વે " હોદેદારશ્રીઓ " તથા " સદસ્યશ્રીઓ " નો એક એક નકલ મોકલવામાં આવે છે. તદુપરાંત સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાં આવેલ " લેઉવા પટેલ છાત્રાલયો " ના વ્યવસ્થાપકશ્રીઓને તેમજ સમગ્ર ગુજરાતમાં આવેલ અગ્રગણ્ય કોલેજના પ્રિન્સીપાલશ્રીઓને તેમજ ગુજરાતમાં આવેલ યુનિવર્સીટીઓના કુલ સચિવશ્રીઓને તેમજ લેઉવા પટેલ જ્ઞાતિના અન્ય અગ્રગણ્ય અગ્રેસરોને તેમજ લેઉવા પટેલ જ્ઞાતિના પ્રસિધ્ધ થતા અંકોમાં પ્રસિધ્ધ કરવા માટે નકલ મોકલવા માં આવે છે.સામાન્ય રીતે દર વર્ષે તારીખઃ પહેલી જુન થી તારીખઃ એકત્રીસમી જુલાઈ સુધીમાં " કોરા અરજી પત્રકો " મંગાવવાની તેમજ ભરીને આધારો સહ પરત મોકલાનો સમય ગાળો રાખવામાં આવેલ છે.

હાલમાં બેંક થાપણનાં વ્યાજના દરો ખુબ જ ઘટી જતા આવક ઘટી છે તેની સામે અભ્યાસમાં તેજસ્વી પણ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની સહાય મેળવવાની માંગણીની સંખ્યા ઉતરોતર વધી રહી છે. આ માંગને સંતોષવા માટે આ મંડળનુ હાલમાં જે " કોર્પસ ફંડ " છે તે " કોર્પસ ફંડ " ઓછામાં ઓછામાં ઓછું રૂા. પાંચ કરોડ સુધી લઈ જવું અત્યંત જરૂરી અને આવશ્યક છે.

આ મંડળની સહાય મેળવીને સાધન સંપન્ન બનેલા સદગૃહસ્થો, સમાજની સીધી યા આડકતરી સહાય થી શ્રીમંત બનેલા વેપારીઓ કે ઉધ્યોગપતિઓ કે રાજકીય આગેવાનો સમાજ પ્રત્યેનું રૂણ અદા કરવાનો નિર્ણય કરે તો રૂા. પાંચ કરોડનો લક્ષ્યાંક સિધ્ધ કરવો જરા પણ મુશ્કેલ નથી.

આ મંડળમાંથી લોન ધીરાણ મેળવની મેડીકલ, ઈજનેરી, તેમજ અન્ય ધંધાદારી ડીગ્રીઓ મેળવીને પોતાના વ્યવસાયમાં સ્થિર થયેલા છે અને આર્થિક સંપન્ન છે તેવા અને આપણી લેઉવા પટેલ જ્ઞાતિના ભાઈ-બહેનો અમેરીકામાં તેમજ અન્ય દેશોમાં આર્થિક તેમજ સામાજીક રીતે પોતાની પ્રતિષ્ઠા ઉભી કરેલ છે તેવા ભાઈ-બહેનોએ સ્વયંભૂ આ મંડળને આર્થિક મદદ કરવી તે તઓ નો ધર્મ અને ફરજ બને છે.

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર:એફ-૬(અમરલી)

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ**

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " આ મંડળના ઈતિહાસની આછેરી રૂપરેખા " (ચાલુ) --૪--

આપણા લેઉવા પટેલ સમાજનું રૂણ ચુકવવા માટે સમાજના બાળકોના શિક્ષણ માટે સૌની શકિત અનુસાર " કોર્પસ ફંડ " માં દાન આપી સહાય કરે અને અન્યોને આ દાન આપવા માટે સમજાવવાના સઘન પ્રયાસો કરે, સૌ આવા સહીયારા પ્રયાસો કરવા અમો આપ સૌને નમ્ર વિનંતી સાથે હાર્દિક અપિલ કરીએ છીએ.

સંત શિરોમણી શ્રી ભોજરામ અને લોખંડી રાજપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ નાં વારસદારો આ મંડળની ટહેલ પુરી કરવામાં પાછળ નહીં રહે એ જ અભ્યર્થના.

ભાષાકીય, આંકડાકીય કોઈપણ ક્ષતિ રહી ગયેલ હોય તો ક્ષમા આપશો.

આપ સૌ ના અમૂલ્ય સાથ અને સહકારની અપેક્ષા સહ વિરમતા.

આપના સ્નેહાધિન,

ગોપાલભાઈ ડાયાભાઈ પટેલ
મહામંત્રી,

નરેશભાઈ રવજીભાઈ પટેલ
પ્રમુખ,

શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ,અમરેલી